# ઝવેરબાપા

**– મનુભાઈ પંચોલી 'દર્શક'**

લોકભારતીનું એક મહત્ત્વનું કાર્ય ઘઉંસંશોધન હતું. લોકભારતીએ બીજું કંઈ ન કર્યું હોત, અને ફક્ત આ એક જ કામ કર્યું હોત તો પણ ગુજરાત પર તેણે ભારે ઉપકાર કર્યો કહેવાત.

ઝવેરભાઈ પાલીતાણા રાજયના મહેસુલી અધીકારી. પાછળથી સૌરાષ્ટ્ર રાજયમાં ખેતીવાડી ખાતાના ઉપરી હતા. પણ મારો પરીચય તેઓ પાલીતાણામાં મહેસુલી અધીકારી હતા ત્યારનો. આંબલાની શાળા તો નાનકડી પણ કોડ ઘણા. કોઈમ્બતુરની 410 નંબરની શેરડી, જેનો ગોળ વધારે ઉતરે, અને કઠણ હોવાથી શીયાળવાં ખાઈ ના શકે, તે સૌથી પહેલાં અમે આંબલા અને આજુબાજુ દાખલ કરાવી. તેવું બાજરામાં કરવાની પણ ઈચ્છા. ઝવેરદાદા બાજરા પર પ્રયોગો કરે છે તે જાણેલું; એટલે અવારનવાર પાલીતાણા જાઉં. મોટોમસ બંગલો પણ તેમાં સાહેબશાહી ફર્નીચર નહીં; બધે બાજરાનાં ડુડાં, જુવારનાં લોથાં(કણસલાં) - આવું આવું ભર્યું હોય. બાજરીનું ડુંડું લાંબું થાય, દાણા ભરચક હોય તેવું કરવા પોતાના કમ્પાઉન્ડમાં અખતરા કર્યા કરે. એ જમાનામાં અમેરીકા જઈ પીએચ. ડી. વનસ્પતીવર્ધનશાસ્ત્રમાં કરી આવેલા; પણ રહ્યા હતા હાડોહાડ ગ્રામવાસી. ગ્રામવાસીની જેમ જ અલ્પ જરુરીયાતો અને ગંજાવર પરીશ્રમ. તેમની પાસેથી શાકભાજીનાં નવાં નવાં બીયાં લઈ આવું. ઘણાં તો અમે કદી જોયાં ન હોય તેવાં. નીવૃત્ત થઈને ઘઉંનો પ્રયોગ કરવા માગે છે તે જાણેલું એટલે 'લોકભારતી'માં જ આવવા કહ્યું. મને તો ઓળખે; પણ નાનાભાઈ તરફ તેમને પુજયભાવ. તેમની સંસ્થામાં ઉપયોગી થવાનું મળે તે તો ભાગ્ય ગણાય એમ માને; તરત હા પાડી, અને એક શુકનીયાળ પળે લોકભારતીમાં પગ મુક્યો. અમે ઘઉં સંશોધનની દૃષ્ટીએ અભ્યાસક્રમમાં તુરત ફેરફાર કર્યા. ભલાણી, ઉષાકાન્ત, વંડ્રા, ઝાલાવાડીયા ચારે એમને સોંપ્યા. દાદા આકરા કામ લેનારા, અને આ ચાર જણ પણ આકરું કામ આપનારા. હું તો કોઈકોઈ વાર જોઉં, અર્ધું સમજું, અર્ધું ના સમજું; પણ સમજું છું તેવું દેખાડી સૌ ઉત્સાહપુર્વક કામે લાગે તે જોઉં.

મુખ્ય માણસે બધું જાણવું જોઈએ તેવું માન્યું નથી. કદાચ તે જોખમકારક છે; કારણ કે તો વીભાગીય વડાઓના કામમાં દખલ પણ થાય; પણ મુખ્ય માણસને અમુક દરખાસ્તથી શું સીદ્ધ

કરવું છે, અને તે સીદ્ધ કરવાની શક્તી દરખાસ્ત લાવનારમાં છે કે નહીં તે જાણવું જોઈએ. અહીં પણ મને પેરીક્લીસ મદદરૂપ થયો છે. તેના વીખ્યાત વ્યાખ્યાનમાં તેણે કહ્યું છે : 'સામાન્ય એથેન્સવાસી મૌલીક દરખાસ્તો કરી શકતો નથી; પણ આવી દરખાસ્તોનો તે શાંતમતી ન્યાયાધીશ થઈ શકે છે.' એટલે તે દેશનું આયોજન ન કરી શકે; પણ આયોજનની દરખાસ્ત તેના લાભમાં છે કે નહીં તે કહી શકે. હું નવા ઘઉં જોઈએ છે તે કહી શકું; પણ તે કેમ કરવું તે ઝવેરદાદા જાણે.

ઝવેરદાદા અને અમારું લક્ષ્ય સાવ સાદું હતું. ઘઉંની એક એવી જાત પેદા કરવી જેનું થડ ટૂંકું હોય, ફણગા વધારે હોય, દર ફણગામાં દાણા વધારે હોય, દાણાનું વજન વધારે હોય, પાણી ઓછું માગે. (સૌરાષ્ટ્રમાં તો એ વધારે જરુરી હતું.) ગેરુ જેવા રોગથી મુક્ત રહી શકે, સસ્તું, સોંઘું, નમતું અને ઉધાર જેવી કંઈક અશક્ય વાત હતી; પણ ધુની વૈજ્ઞાનીકને શું શક્ય નથી ? અમે એ પણ ઠરાવ્યું કે આ પ્રયોગમાં બને ત્યાં સુધી મજુરની મદદ ન લેવી. વીદ્યાર્થીઓ પાસે જ બધાં કામો કરાવવાં, તેમની તાલીમ તે આ પ્રયોગનો જ એક ભાગ હતો.

ઝવેરદાદા વહેલા કામે ચડે, મોડા કામેથી ઉતરે. અમારી પાસે કોઈ મશીન નહોતાં, અને દાદા કે અમે ઈચ્છતા પણ ન હતા. દશ આંગળીથી જે કુશળતા પ્રાપ્ત થાય તે ખોવાની અમારી તૈયારી ન હતી; એટલે દાણા વાવવાની બધી પુર્વતૈયારી કરવાની. હાથે પાળા બાંધવા, ક્યારીઓ કરવી, અંતર મુજબની લાઈનો દોરવી, દાણા ગણી-ગણીને વાવવા, આખા વાવેતરના નકશા તૈયાર કરવા, તેના નંબરો આપવા, બધું વીદ્યાર્થીઓએ જ કરવાનું. તેની ઉગવાની તારીખ, ફણગા ફુટવાની તારીખ, ફણગાની સંખ્યા, ફુલ આવવાની, પાકવાની બધી તારીખો, કયારીએ ક્યારીએ જાતેજાતે જઈને નોંધવાની. પાણ-પાણીની અસરો જોવાની, પાકયા પછી દરેક છોડ નોખો ખેંચવાનો, હારોહારની સંખ્યા નોંધી, પુળીઓ બાંધવાની, દરેક પુળીએ પટ્ટી ચોડવાની; આ બધા છોડના દાણા હાથે ઠીંકરું લઈ, ઘસીને કાઢવાના. દાણાનું વજન, સંખ્યા, કોથળીઓ બધું અલગ. અને આવા છોડ કેટલા ? 60થી 80 હજાર ! આ બધું થયા પછી અભ્યાસ શરુ થાય. રંગ, વજન, આકાર, સંખ્યા, કેટકેટલો અભ્યાસ ! રાત--દીવસ તે ચાલ્યા જ કરે. પચાસ-સાઠ વીદ્યાર્થીઓ હારબંધ બેઠા હોય. આ બધું થઈ ગયા પછી તારણો. ઘણી નીષ્ફળતા, થોડી સફળતા કે સફળતાની આશા પછી નવી પસંદગી કે બીજે વર્ષે સંકરણ કરવાની શાસ્ત્રાધારે વીચારણા.

એક-બે વર્ષ નહીં; અગીયાર વર્ષ તો રાહ જોવાની ! સાત પેઢી થાય ત્યારે ગુણ, લક્ષણો સ્થીર થાય. 7 વર્ષ- 84 મહીના- 2520 દીવસ - આંખે એરંડીયું આંજીને જોયા કરવાનું. સાતમા વર્ષે પસંદ કરેલી જાત, જુદાં જુદાં હવામાન, વર્ષાવાળાં રાજયનાં કેન્દ્રોમાં મોકલવાની. ત્યાંના અખતરાનાં પરીણામોની ધબકતા હૈયે રાહ જોવાની. આખરે એક દીવસ ખબર આવી કે લોકભારતીની એક જાત બીજી બધી જાતો કરતાં પશ્ચીમ ભારતમાં આગળ આવ્યાનું સીદ્ધ થયું છે. મેં ઝવેરદાદાને કહ્યું, 'આપણે આનું નામ 'ઝવેર-1' પાડીએ. ઝવેરદાદા કહે, 'ના, રે, ના. ભુલેચુકે એવું કરતા.' જોરથી માથું ધુણાવીને કહે, 'ના, એવું બને જ નહીં, આનું નામ 'લોકભારતી-1' રહેશે.' ઘણી સમજાવટ કરી જોઈ. આખરે એ વૈજ્ઞાનીક તપસ્વી પાસે હું હાર્યો. જાતનું નામ 'લોક-1' રહેશે એમ ઠરાવ્યું. ઝવેરદાદાનું અમે ભારે હોંશથી સન્માન કર્યું. માનપત્ર વાંચ્યું. (શાલ ઓઢાડી). રોકડા હજાર રુપીયાનો થાળ મેં એમના પગે ધર્યો. ઝવેરદાદાએ થાળીને હાથ લગાડી રુપીયા પાછા આપ્યા. જેણે કાંઈ લીધું જ ન હતું- જાતે જ ઘસાયા હતા, રાત-દીન ટાઢ-તડકો જોયાં નહોતાં, તેને આ હજાર રુપીયાનું શું મુલ્ય ! અમારા ઉત્સાહનો પાર ન હતો પણ એમને મન તો કામ હજી બાકી જ હતું. એમનું ધ્યેય હતું વીંઘે 100 મણ ઉપજ આવે તેવી જાત શોધવાનું. 'લોક-1' વીંઘે 50 મણ થઈ શકતા હતા. અડધી મજલ કપાઈ હતી. થોડી વધુ કપાઈ પણ છે.

ભોપાલના સરકારી કેન્દ્રના ઘઉં-સંશોધનનીષ્ણાત શ્રી ઉપાધ્યાય એક વાર આ કામ જોવા આવ્યા. બધું જોતાં કહે, 'આવી સામગ્રી તો અમારી પાસે પણ નથી. તમે કેટલું ખર્ચ કરો છો આની પાછળ ?' મેં કહ્યું, 'વર્ષે દહાડે દસેક હજાર. તમારે આ કામ કરવું હોય તો કેટલું ખર્ચ થાય ?'

'લાખ દોઢ લાખ સીવાય આવું ન બને.' 'લોક-1'માંથી લોક 1-2-3-4-5-6-7-8-9 જાતો આવી. હજુ પણ કામ ચાલે છે. આ લખું છું ત્યારે જ ભલાણી મને ખબર આપે છે કે આપણી લોક-4 જાત પ્રાદેશીક અખતરામાં બીજા નંબરે આવી છે. 'લોક-1' પહેલા નંબરે જ રહી છે. ગુજરાત, મધ્યપ્રદેશ, રાજસ્થાન, ઉત્તરપ્રદેશની બધી નવી મુકાયેલી જાતો કરતાં 'લોક-1' આગળ છે - તેની બાજુમાં બીજા નંબરે લોક-4 છે અને લોક-7 દેશની પ્રાથમીક અખતરાની તપાસમાં પ્રથમ નંબરે આવી છે અને 'લોક-1' કરતાં 11 ટકા વધુ ઉત્પાદન આપ્યું છે.

ગુજરાત નવનીર્માણ વખતે અમારે ત્યાં હડતાળ પડી નહોતી; રોજીન્દુ કામ ચાલતું હતું એટલે નવનીર્માણના કોઈ વીદ્યાર્થી આગેવાનોએ અમારા વીદ્યાર્થીઓને બંગડીઓ ભેટ મોકલી. અમારા વીદ્યાર્થીઓએ વીચાર કરીને તેમને પ્રત્યુત્તર રૂપે ઘઉંની ડુંડી ભેટ મોકલી.

શબ્દશક્તીની ગુણવત્તાને ચાહનારા એક માણસની રાહબરી નીચે આ બન્યું તે મારા માટે પરમ સંતોષનો અમી ઓડકાર હતો.

**– મનુભાઈ પંચોલી ‘દર્શક’**

લેખકના પુસ્તક ‘સદ્ભી:સંગ’–સ્મૃતીકથામાંથી સાભાર...

(લોકભારતી– સૌરાષ્ટ્રમાં આવેલી, નયી તાલીમની પ્રસીદ્ધ શીક્ષણસંસ્થા; ડૉ. ઝવેરભાઈ– ઝવેરભાઈ હ. પટેલ; લોથું –જુવારનું કણસલું )

અલ્પ શાળાકીય શીક્ષણ પામેલા; પણ આજીવન કેળવણીકાર, નયીતાલીમની સંસ્થા લોકભારતીના વડલા અને સમર્થ સાહીત્યસ્વામી મનુભાઈ રાજારામ પંચોલી (જન્મ: 1914-10-15, અવસાન: 2001-08-29). ‘દીપનીર્વાણ’, ‘બંદીઘર’, ‘સૉક્રેટીસ’, ‘વાગીશ્વરીનાં કર્ણફુલ’, ‘ઝેર તો પીધાં છે જાણી જાણી’ જેવી સમર્થ સાહીત્યકૃતીઓના સર્જક ગુજરાતી સાહીત્યક્ષેત્રે અમર છે...**બળવન્ત પટેલ**

મનુભાઈના દીકરા શ્રી. રામચન્દ્રભાઈ પંચોલીએ ‘સન્ડે ઈ–મહેફીલ’માં આ લેખ પ્રકાશીત કરવા માટે સસ્નેહ પરવાનગી આપી એ બદલ એમનું ઋણ વ્યક્ત કરું છું...ઉત્તમ ગજ્જર..

સમ્પર્ક: શ્રી રામચન્દ્રભાઈ પંચોલી, લોકભારતી, સણોસરા–364 230 સૌરાષ્ટ્ર, ફોન: 02846- 283 311 મોબાઈલ: 98791 09410

**‘સન્ડે ઈ–મહેફીલ’ – વર્ષ: છઠ્ઠું – અંક:** 202 – October 10, 2010

‘ઉંઝાજોડણી’માં **અક્ષરાંકન:** બળવન્ત પટેલ - **patel.balvant@gmail.com**

## ‘થોડી વીશેષ પ્રસાદી’... **‘દર્શક’**ની સમર્થ કલમની...

આમન્ત્રીતો આવી ગયા. યવનસામન્ત ને તેના સાગરીતો બરાબર બનીઠનીને આવ્યા હતા.

શક–સરદારોએ પણ સુઘડ દેખાવામાં કાળજી રાખી હતી. માત્ર મૈનેન્દ્ર રોજના કરતાં ઉલટો સાદો દેખાતો હતો. એણે પાસે કોઈ હથીયાર રાખ્યું નહોતું. પાદત્રાણ પણ આવાસે મુકીને અડવાણા પગે જ આવ્યો હતો. ઐલને જોતાં જ એ દંડવત્ પડી ગયો.

'મૈનેન્દ્ર, તું તો હવે બહુ મોટો થઈ ગયો !' એને ઉભો કરતાં મહર્ષીએ સ્નેહથી કહ્યું. શક–સરદારો પણ એમના ક્ષત્રપને યથારીતી અનુસર્યા. યવન સામન્તને પણ ન–છુટકે અનુસરવું પડ્યું.

મૈનેન્દ્ર અને એના સરદારોની પંક્તી એક રાખી હતી. અન્ય સૌ સામી પંક્તીમાં બેઠાં હતાં. થોડી વારે અંદરથી પીરસાઈને થાળ આવવા માંડ્યા. સૌને નવાઈ લાગી કે શક–સરદારોના થાળમાં ભોજનસામગ્રીની જગ્યાએ રત્નો અને સુવર્ણ–રજતના કટકા પીરસ્યા હતા ! અન્ય સૌના થાળમાં હતો કંસાર. શક–સરદારોએ પહેલાં તો ભોજનની સાથે આ ભેટ તરીકે હશે એમ ધાર્યું; પણ બધાંને પીરસાયું છતાં એમના થાળમાં કશું જ બીજું ન આવ્યું ત્યારે વીચારમાં પડ્યા. ત્યાં તો ઐલે કહ્યું:

'હાં, શરુ કરો જમવાનું !'

રાંધણીયામાંથી બે હાથમાં રત્ન તથા સુવર્ણથાળ લઈને શોભનમુખ કૃષ્ણા બહાર આવી. મૈનેન્દ્રને લાગ્યું કે કૃષ્ણાની આજની શોભા આગળ રત્નો ફીક્કાં હતાં. એક પછી એક થાળમાંથી રત્નો અને સુવર્ણ પીરસાયાં.

'હાં, શરુ કરો !' ઐલે ફરી કહ્યું. કૃષ્ણા હોઠ દબાવી હસતી હતી !

એક સરદારે કહ્યું: 'આમાં શું ખાય ?'

'કેમ આપને જે રુચે તે – રત્ન, હીરા, પોખરાજ, સુવર્ણ !'

'એ તે ખવાતું હશે ?'

'એ નથી ખવાતું તમારે ત્યાં ? આ શું કહે છે, મૈનેન્દ્ર ? તમે સુવર્ણ–રજત ખાતા નથી ?'

'અમે તમારી જેમ અન્ન જ ખાઈએ છીએ.'

ઐલે જાણે માનતા ન હોય તેમ ડોકું ધુણાવ્યું : 'બને નહીં !'

પછી ગમ્ભીર થઈને કહે : 'તમારે ત્યાં વરસાદ વરસે છે ?'

'હા, હા ! આપણે ઢંકાઈ જઈએ તેવડું ખડ ઉગે છે.' એક વૃદ્ધે કહ્યું.

નીસાસા મુકીને થોડી વારે ઐલે પુછ્યું : 'તો તમારે ત્યાં ગાયો છે ખરી ?'

એક વૃદ્ધે હસીને કહ્યું : 'આપ શું ધારો છો ? તમારા જેવી જ ધરતી, ગાયો, મેઘ ને મેદાનો છે અમારે ત્યાં.'

ઐલે વધુ મોટો નીસાસો નાખીને કહ્યું : 'હં... હવે સમજ્યો !' મૈનેન્દ્ર ગુરુની રીતથી સાવ અપરીચીત નહોતો. એ સમજ્યો – મહર્ષી કંઈક ઉપદેશવા જ માગે છે. એણે હાથ જોડીને કહ્યું : 'અમે બધા સાવ જડસુ છીએ. સુત્રમાં કહો તે અર્ધ પશુઓને નહીં સમજાય.'

ઐલે શક–સરદારોની સામે જોઈને કહ્યું :

'મેં જ્યારે સાંભળ્યું કે તમે ગામો બાળતા, લોકોને પીડતા, લક્ષ્મી લુંટતા ફરો છો ત્યારે ધાર્યું કે તમારે ત્યાં સોનું–રુપું ખાવાનો ચાલ હશે. મેં પુછ્યું કે તમારે ત્યાં ગાયો છે ? – તમે હા કહી ત્યારે મને સમજાયું કે ભગવાન તમારા જેવાને ત્યાં શું કામ વરસાદ વરસાવે છે ? વરસાદ વરસે છે તે તમારે માટે નહીં; પણ પેલી અબોલ ગાયો માટે – તમે તો ભગવાનની દયાને પાત્ર નથી.'

ઐલના ગમ્ભીર અવાજમાં આજે પુણ્યપ્રકોપ દેખાતો હતો. આશ્રમનાં વૃક્ષો પાદડું હલાવ્યા સીવાય એમને સાંભળતાં હતાં. સામેની ગૌશાળાની ગાયોએ પણ જાણે એ તરફ કાન માંડ્યા હતા. મૈનેન્દ્ર જાણે એ વેણે વેણે ઘવાતો–પીડા પામતો ને વારે વારે પુનર્જીવન પામવા મથતો હતો. ઐલ બોલી રહ્યા ને ચીત્રલેખા જેવી કૃષ્ણાના હાથમાંથી ખણ ખણ ખણ કરતા બન્ને થાળ છુટી પડ્યા. સુવર્ણ, રજત અને રત્નો ચારે બાજુ ધુળમાં રોળાયાં !

મૈનેન્દ્રને તે દીવસે ખાતરી થઈ કે આર્યાવર્ત જીતવો સહેલ હતો; પણ આર્ય સંસ્કૃતીને હરાવવી મુશ્કેલ હતી.

–મનુભાઈ પંચોલી ‘દર્શક’ની ઐતીહાસીક નવલકથાઓમાં સીમાચીહ્ન રુપ ‘દીપનીર્વાણ’ની સંક્ષીપ્ત શાળોપયોગી આવૃત્તી(પ્રકાશક : આર. આર. શેઠની કંપની, અમદાવાદ ફોન – 079-2550 6573; મુમ્બઈ ફોન – 022-2201 3441 Web - w.w.w.rrsheth.com Email - sales@rrsheth.com પ્રથમ આવૃત્તી– 1968 મુલ્ય – રુપીયા 3 અને 50 પૈસા)ના પાન ક્રમાંક 92-93-94 પરથી, સર્જકના દીકરા શ્રી રામચન્દ્રભાઈ પંચોલીની પરવાનગીથી સાભાર.. અક્ષરાંકન : uttamgajjar@gmail.com

હાલ જ પ્રકાશકને ફોન કરી પુછ્યું તો જાણવા મળ્યું કે આ પુસ્તીકાની બીજી આવૃત્તી થઈ નથી...! મને થાય, મુનશી, મેઘાણી અને મનુભાઈની આવી રત્ન સમી સાહીત્યકૃતીઓની લાખ્ખો નકલો ગુજરાતનાં લાખ્ખો કીશોર–કીશોરીઓના હાથમાં મુકી શકે તેવો કોઈ ભામાશા કે ભામાશા–પ્રકાશક ક્યારેક તો જરુર સાંપડશે.... આમીન... ..ઉત્તમ ગજ્જર..

**More than 56,00,000 Gujarati Language lovers have visited**
**http://www.gujaratilexicon.com**

**More than 5,36,000 have visited Digital Bhagwadgomandal**
**http://www.bhagwadgomandal.com**

**More than 77,000 have visited Lokkosh**
**http://lokkosh.gujaratilexicon.com**
**You too are invited to visit Gujaratilexicon with a new interface.**

‘સન્ડે ઈ–મહેફીલ’ – વર્ષઃ છઠ્ઠું – અંકઃ 202 – October 10, 2010
‘ઉંઝાજોડણી’માં અક્ષરાંકનઃ બળવન્ત પટેલ - patel.balvant@gmail.com